સત્યમેવ જયતે

**મનોજ અગ્રવાલ,** આઈ.એ.એસ.
**સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર &**
**કમિશ્નર, પ્રાથમિક શિક્ષણ અને મધ્યાહ્ન ભોજન**

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

૫૨૭૨૦-૯૫૦
**નં. એસએસએ/મકમ/૧૨/**
**સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરની કચેરી,**
**સર્વ શિક્ષા અભિયાન,**
**સેકટર–૧૭, ગાંધીનગર**
**[illegible].૧૦.૨૦૧૨**

---

પ્રતિ
અધ્યક્ષશ્રી,
શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC), તમામ

**વિષય : શાળાની વિવિધ જાણકારી જે તે ગામના તમામ લોકોને ત્વરિત અને વિના મૂલ્યે આપવા બાબત.**

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, સર્વ શિક્ષા અભિયાન ધ્વારા શિક્ષણના અધિકાર (આરટીઈ), ૨૦૦૯ ના અમલીકરણનું કાર્ય કરવામાં આવે છે. સરકારશ્રીના વહીવટમાં પારદર્શકતા અને લોકાભિમુખતા રાખવી જરૂરી છે. ગ્રામજનોને તેમના ગામની શાળામાં ચાલતાં કાર્યક્રમો અને અન્ય મુદાઓની જાણકારી મળતી રહેવી જોઈએ.

સર્વ શિક્ષા અભિયાન ધ્વારા શાળા (એસએમસી)ને વિવિધ પ્રકારની કામગીરી માટે વિવિધ પ્રકારની ગ્રાન્ટ (જેવી કે, સ્કુલ ગ્રાન્ટ, શિક્ષક ગ્રાન્ટ, મેન્ટેનન્સ ગ્રાન્ટ, બાંધકામની ગ્રાન્ટ વગેરે) ફાળવવામાં આવે છે. શિક્ષકો અને બાળકો શાળામાં નિયમિત હાજર રહે તથા શિક્ષકો ધ્વારા બાળકોને ગુણવતા યુકત શિક્ષણ અપાય તે જરૂરી છે. શિક્ષણની ગુણવત્તા અભિવૃધ્ધિ માટે અનેક વિધ યોજનાઓનું અમલ રાજયમાં ચાલી રહયો છે.

ગ્રામજનો ધ્વારા શાળાને સબંધિત એસએસએ અને મધ્યાહન ભોજન વિષયને લગતી કોઈ જાણકારી, જેવી કે જે તે વર્ષે યોજનાઓની અમલવારી, મળેલ ગ્રાન્ટ, ખર્ચ વિગેરેની જાણકારી જો માંગવામાં આવે ત્યારે શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC) ની જાણ હેઠળ આવી માહિતી સબંધિતને દિન–૩૦ માં ચોકકસ આપવા વિનંતી છે.

(સહી)
**(મનોજ અગ્રવાલ)**

**નકલ માહિતી, માર્ગદર્શન અને ત્વરિત ઘટતી કાર્યવાહી અર્થે રવાનાઃ** જિલ્લા પ્રોજેકટ કો–ઓર્ડિનેટર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પ્રોજેકટ કચેરી, સર્વ શિક્ષા અભિયાન, જિ. તમામ

– એડી. જિલ્લા પ્રોજેકટ કો–ઓર્ડિનેટર અને શાસનાધિકારીશ્રી, નગર શિક્ષણ સમિતિ, અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત

૨. ઉકત સૂચનાઓ તેમના વિસ્તારની તમામ પ્રાથમિક / પ્રારંભિક શાળાઓની એસએમસીને ત્વરિત પરિપત્રિત કરવા અને પ્રસ્તુત સૂચનાઓનું અચૂક પાલન થાય તે જોવા જણાવવામાં આવે છે.

**નકલ રવાના જાણ અને કાર્યવાહી અર્થે:**

– સભ્ય સચિવશ્રી (મુખ્ય શિક્ષક), પ્રાથમિક/પ્રારંભિક શાળાઓ, તમામ
– ઓ.આઈ.સી.: સી.એમ.એસ. "કોમ્યુનિટિ મોબીલાઈઝેશન" અંતર્ગત વેબ સાઈટ પર મુકવા સારૂ

D:\RTI\School Mahiti-Letter.doc

✓ આચાર્યશ્રીઓ / કર્મચારીશ્રી તમામ